# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

9th July

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -2

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad, Nanpura,
Surat - 395001
For Private Circulaion only

# ભવ્યાતિભવ્ય પદગ્રહણ સમારોહ - શુક્રવાર, તા. ૨ જુલાઈ, ૨૦૨૧

વર્ષાની સુરમ્ય, રંગીન સાંજે ભિષ્મા જરીવાળા અને એમની ટીમની પદગ્રહણવિધિએ આકાર લીધો. ડિસ્ટ્રીકટ ગવર્નર સંતોષ પ્રધાન અને ફર્સ્ટ લેડી સુનેત્રાજીની હાજરીથી સભા મહેકી ઊઠી. રાષ્ટ્રગીત દ્વારા રાષ્ટ્રપ્રેમથી શરૂઆત થઇ. પ્રેસિડેન્ટ ડૉ. અજય મહાજન દ્વારા સભાને વ્યવસ્થિત થવાનો આદેશ મળ્યો અને મેહાલી પંચાલ દ્વારા “ઇતની શક્તિ હમે દેના” જેવી સુંદર પ્રાર્થનાથી વાતાવરણ તરોતાજા થયું. રોટરીમંત્ર “ફોર વે ટેસ્ટ” નું વાંચન ઉમંગ દલાલ દ્વારા કરવામાં આવ્યું. ડૉ. અજય મહાજન દ્વારા મહેમાનોને શાબ્દિક આવકાર અપાયો અને સુગંધિત પરફ્યુમ સાથે આવકાર અપાયો પદગ્રહણવિધિ અધિકારી ડિસ્ટ્રીકટ ગવર્નર સંતોષજી અને સુનેત્રાજીને.







વર્ષ ૨૦-૨૧ ના અવનવા પ્રોજેક્ટનો સુંદર રસથાળ તેજસ ગાંધી દ્વારા પીરસવામાં આવ્યો. પોતાનો કિંમતી સમય કાઢી આપણી સભાને સુશોભિત કરનાર, ભૂતપૂર્વ ડિસ્ટ્રીકટ ગવર્નરશ્રીઓ, આસિસ્ટન્ટ ગવર્નરશ્રીઓ, અન્ય ડિસ્ટ્રીકટ ઓફિસર્સ, સુરતની અન્ય રોટરી કલબોના પ્રમુખ અને મંત્રીશ્રીઓ, રોટરેકટ ક્લબ ઓફ સુરત કોમ્યુનીટીના હોદ્દેદારો, આર.સી.સી. લાજપોર-સચિન, છાપરાભાઠાના હોદ્દેદારો અને અન્ય આગેવાનોનું શાબ્દિક સ્વાગત નિખિલ મદ્રાસીએ કર્યું. જીલ્પા શેઠ દ્વારા પદગ્રહણવિધિ અધિકારીનો અને રોટરી પાર્ટનર એકતા જરીવાલા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રેસિડેન્ટ ભિષ્મા જરીવાળાનો સુપેરે પરિચય થયો. ભિષ્માબેન દ્વારા અનોખી રીતે એમની ટીમનો પરિચય સાંપડ્યો અને પદગ્રહણવિધિએ આકાર લીધો. પદગ્રહણવિધિ અધિકારી ડિસ્ટ્રીકટ ગવર્નર સંતોષજી દ્વારા પ્રેસિડન્ટ ભિષ્માબેને પોતાની જવાબદારીઓ હસતા હસતા, ઉત્સાહથી સ્વીકારી, જે એમની વાણીમાં દેખાતું હતું અને આ વર્ષે ક્લબને નવી ઊંચાઇએ લઇ જવાની ભિષ્મ પ્રતિજ્ઞા કરી. ડિસ્ટ્રીકટ ગવર્નર સંતોષ પ્રધાનજીએ એમના શબ્દો દ્વારા ખૂબ જ ઉત્સાહ પૂરો પાડ્યો. મંત્રી નિખિલ મદ્રાસીએ આવનાર કાર્યક્રમોની માહિતી આપી. ભિષ્માબેન દ્વારા રોટરી કલબની ભાવનાઓનું સ્મૃતિચિન્હ ડિસ્ટ્રીકટ ગવર્નર સંતોષ પ્રધાનને તેમજ માસ્ટર ઓફ સેરેમની નેહા લોટવાલા અને રોટરી પાર્ટનર મંજરી દેસાઇને અર્પણ થયું અને તેજસભાઇએ આભારવિધિ કર્યા બાદ પ્રેસિડન્ટ ભિષ્માબેને સભા સમાપ્તિની ઘોષણા કરી.

# Incoming.....

**:9th July :**
**Installation: Innerwheel club of Surat**

**:10th July :**
**Pal Aanganwadi**

**:16th July :**
**Dance**

**:17th July :**
**Pal Aanganwadi**

**Rotary International Convention 2021-22**

**4th June to 8th June 2022**

**Houston, Texas, United States**






## પાલ બાળ આંગણવાડી - શનિવાર, તા. ૩ જુલાઇ, ૨૦૨૧



આપણી કલબના કાયમી પ્રોજેક્ટ પાલ બાળ આંગણવાડીની
શુભ શરૂઆત કુંદન શાહ અને દક્ષા શાહે કરાવી હતી.
સર્વિસ ડિરેક્ટર નેહા લોટવાલાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંકલન રોટરી
પાર્ટનર અમિષા કિનખાબવાલા કરી રહ્યા છે. આ પ્રોજેક્ટમાં પ્રમુખ ભીષ્મા જરીવાળા અને
સાર્જન્ટ એટ આર્મ્સ ભૂતપૂર્વ ડીસ્ટ્રીકટ ગવર્નર હિતેશ જરીવાળા પણ ઉપસ્થિત રહ્યા હતા.
આંગણવાડીના ૫૫ બાળકોને પૌષ્ટિક આહાર
દર શનિવારે આપણે આપી રહ્યા છીએ. આ ઉપરાંત
તેઓને મનોરંજન પણ આ પ્રોજેક્ટમાં આપણે કરાવતા હોઇએ છીએ.
વધુ ને વધુ સભ્યો ઉત્સાહભેર ભાગ લે તેવી વિનંતી છે.




14th July Sarosh Bhacca
15th July Nirmala Tripathi




14th July Vijay & Jyoti Methwani

## વડીલોનો આત્મનિર્ભર ફેસ્ટ - તા. ૧-૨-૩ જુલાઇ, ૨૦૨૧

સુરતની આત્મનિર્ભર ક્લબ અને શાંતમ સિનીયર સિટીઝન ગ્રુપની સાથે ગુજરાતના જાણીતા કવિઓ, કલાકારો, વક્તાઓ અને ડોકટરોએ આત્મનિર્ભર મન, આત્મનિર્ભર તન અને આત્મનિર્ભર જીવન વિષે ત્રણેય દિવસોએ રાત્રે ૭:૦૦ કલાકે ડીજીટલ માધ્યમ દ્વારા હજારો દર્શકો સાથે વાતો કરી હતી.

*As a Rotarian, you must be simultaneously a dreamer and a doer.*

*.....Rajendra K. Saboo R I President: 1991-92*